# 4. ભારતની રાષ્ટ્રીય ચળવળો

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :

**1) બહિષ્કાર આંદોલન અને સ્વદેશી ચળવળનાં સ્વરૂપ અને પરિણામોની ચર્ચા કરો.**

- બહિષ્કાર આંદોલનનાં મુખ્ય ત્રણ લક્ષણો હતાં : 1. સ્વદેશી અપનાવવું, 2. વિદેશી માલનો બહિષ્કાર કરવો અને, 3. રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું.
- સ્વદેશી અપનાવવું : બંગભંગ આંદોલનને એક ભાગરૂપે બંગાળમાં સ્વદેશી ચળવળ શરૂ થઈ.
- આ ચળવળ બહિષ્કારની પૂરક હતી. વિદેશી માલનો બહિષ્કાર કરી સ્વદેશી ચીજવસ્તુઓને ઉત્તેજન આપવાનો લોકોને આગ્રહ કરવામાં આવ્યો.
- આ ચળવળ બંગાળ સિવાય, પંજાબ, ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ, મુંબઈ, તમિલનાડુ વગેરે પ્રાંતોમાં ફેલાઈ.
- સ્વદેશી ચળવળને લીધે દેશમાં બનેલી ચીજવસ્તુઓને સારું ઉત્તેજન મળ્યું. દેશમાં સ્વદેશી ચીજવસ્તુઓ બનાવવાનાં કારખાનાંઓ શરૂ થયાં. આ ચળવળથી ભારતની સ્વાતંત્ર્યચળવળને વેગ મળ્યો.
- વિદેશી માલનો બહિષ્કાર કરવો : સ્વદેશીને ઉત્તેજન આપવા 'વિદેશી માલના બહિષ્કાર'નું આંદોલન ઉગ્ર બન્યું. તેમાં વિદેશી માલનો બહિષ્કાર કરી સ્વદેશી માલ વાપરવાની અગ્રહ કરવામાં આવ્યો.
- વિદેશી માલના બહિષ્કારને લીધે માન્ચેસ્ટરથી ભારત આવતા કાપડનું વેચાણ લગભગ બંધ થઈ ગયું અને ભારતમાં ઉત્પન્ન થયેલા કાપડનું વેચાણ ખુબ વધ્યું.
- લોકોએ મીઠું, ખાંડ, પગરખાં, સિગારેટ, તમાકું, વગેરે ઈંગ્લૅન્ડથી આવતી ચીજવસ્તુઓનો બહિષ્કાર કર્યો.
- બહિષ્કારની ચળવળને લીધે અંગ્રેજી વેપાર પર માઠી અસર પડી અને ભારતમાં સ્વદેશી ઉદ્યોગનો વિકાસ થયો.
- રાષ્ટ્રીય શિક્ષણ અપનાવવું : રાષ્ટ્રીય શિક્ષણ એ બંગભંગનાં અંદોલનનું એક અંગ હતું. બંગભંગ આંદોલનમાં વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો. તેથી તેમને સામૂહિક દંડ કરવામાં આવ્યો. તેમને શાળા-કૉલેજોમાંથી કાઢી મૂકવામાં આવ્યા.
- આંદોલન દરમિયાન સરકારી શિક્ષણ્નો પણ બહિષ્કાર કરવામાં આવ્યો. આથી સરકારી શિક્ષણનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો. આથી સરકારી શિક્ષણના એક વિકલ્પ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ આપતી સંસ્થાઓ શરૂ કરવામાં આવી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઈ.સ. 1907માં બંગાળમાં 25 જેટલી રાષ્ટ્રીય માધ્યમિક શાળાઓ અને 300 જેટલી રાષ્ટ્રીય પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં આવી.
- કવિવર રવિન્દ્રનાથ ટાગોરની શાંતિનિકેતન નામની વિદ્યાપીઠનો આ સમયમાં જ વિકાસ થયો.
- સ્વદેશી ચળવળને કારણે ઈંગ્લેન્ડના માન્ચેસ્ટર શહેરથી આવતા કાપડનું વેચાણ બંધ થઈ ગયું.
- ઈંગ્લેન્ડથી આયાત થતાં ખાંડ, બૂટ, સુગારેટ, તમાકુ વગેરે વસ્તુઓનો બહિષ્કાર થવાથી તેમની આયાતમાં ખૂબ જ ઘટાડો થઈ ગયો.
- ભારતમાં બનેલા કાપડનું વેચાણ વધ્યું. સ્વદેશી ચળવળ પ્રસરી.
- ભરતમાં બંગાળ ઉપરાંત, પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત, મુંબઈ, તમિલનાડું વગેરે પ્રાંતોમાં સ્વદેશી ચળવળ પ્રસરી.
- સ્વદેશી ચળવળના પ્રત્યાઘાત બ્રિટિશ પાર્લામેન્ટમાં પડ્યાં.
- બ્રિટિશ સરકારને મોટું આર્થિક નુકશાન સહન કરવું પડ્યું.
- તેથી બ્રિટિશ પાર્લામેન્ટે પુનઃવિચારણા કરીને ઈ.સ. 1911માં બંગાળના ભાગલા રદ કર્યા. ભારતીયોની સંગઠન શક્તિનો વિજય થયો.
- અંગ્રેજો વિરૂદ્ધ થયેલી નવી ચેતનાનો આ નોંધપાત્ર વિજય હતો.

## 2) ઉગ્રક્રાંતિકારી ચળવળનો ઉદ્દભવ અને વિકાસ વર્ણવો.

- બંગભંગ આંદોલન, ઈ.સ. 1907માં સુરતમાં ભરાયેલ કૉંગ્રેસ મહાસભાના અધિવેશનમાં કૉંગ્રેસના 'જહાલ' અને 'મવાળ' એમ બે ભાગલા કૉંગ્રેસની માત્ર ઠરાવો. વિનંતિઓ અને આજીજી કરવાની પદ્ધતિનો પ્રબળ વિરોધ વગેરે સંજોગોને કારણે ભારતમાં ઉગ્ર ક્રાંતિકારી ચળવળ ઉદ્દભવી.
- લાલા લજપતરાય, બાળગંગાધર ટિળક અને બિપિંચંદ્ર પાલ-લાલ-બાલ-પાલની આ ત્રિપુટીએ જહાલવાદી નીતિ અપનાવી. તેનાથી કૉંગ્રેસ સહિત હિંદના યુવા કાર્યકરોમાં નવી જાગૃતિ આવી.
- લોકમાન્ય ટિળકે ઉગ્ર ભાષામાં જાહેર કર્યું કે, 'સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ હક છે અને હું તેને લઈને જંપીશ.' તેમનું આ વચન આઝાદીના ક્રંતિકારી લડવૈયાઓનો મંત્ર બની ગયો.
- ઉદારવાદી અને ઉગ્રવાદી વિચારધારાવાળા નેતાઓ પોતાના ઉદ્દેશો સિદ્ધ કરવામાં નિષ્ફળ ગયા ત્યારે ક્રાંતિકારેઓ વિદેશી શાસનમાંથી ભારતને કોઈ પણ ભોગે અને કોઈ પણ ભોગે અને કોઈ પણ રીતે આઝાદ કરવા ઈચ્છતા હતા. તેઓ માતૃભૂમિની આઝાદી માટે હસતે મુખે બલિદાનો આપવાની તેમજ જરાય ક્ષોભ કે સંકોચ રાખ્યા વિના અંગ્રેજોના પ્રાણ લેવાની પણ તમન્ના ધરાવતા હતા.
- ભારતમાં મહારાષ્ટ્ર, બંગાળ, બિહાર, ઓડિશા, પંજા, ગુજરાત, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્ય ભારત વગેરે પ્રાંતોમાં ક્રાંતિકારી પ્રવૃત્તિઓ પ્રસરી. ક્રાંતિકારીઓએ સ્થાપેલી 'મિત્રમેળા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

સોસાયટી', 'અભિનવ ભારત સમાજ', 'અનુશીલન સમિતિ', 'અંજુમન એ મુલ્લાને વતન', 'ઈન્ડિયન પેટ્રિઓટ્સ એસોસિયેશન' વગેરે સંસ્થાઓ ઉગ્ર ક્રાંતિકારી પ્રવૃત્તિઓને વેગ આપ્યો.

- ક્રાંતિકારી પ્રવૃત્તિઓન પ્રથમ તબક્કામાં 'સંધ્યા' 'યુગાંતર' 'નવશક્તિ', 'વંદે માતરમ' 'કેસરી', 'મરાઠા' વગેરે વર્તમાનપત્રો અને સમાયિકોએ સતત ઉત્તેજન આપ્યું. આ તબક્કા દરમિયાન બનેલા બનાવોમાં અલીપુર હત્યાકાંડમાં 34 ક્રાંતિકારીઓ પર ચાલેલી કેસ, હાવડા હત્યાકાંડ અને ઢાકા હત્યાકાંડના અનેક ક્રાંતિકારીઓની થયેલી ધરપકડ, દિલ્લીમાં વાઈસરોય હાર્ડિંગ્ઝ પર અને 13 નવેંબર, 1909ના રોજ અમદાવાદમાં વઈસરોઈ મિંટો પર બોમ્બ ફેંકી તેમની હત્યા કરવાના થયેલા પ્રયાસો વગેરે મુખ્ય હતા.
- ક્રાંતિકારી પ્રવૃત્તિઓના ઈ.સ. 1920થી 1942ના દ્વિતિય તબક્કામાં બનેલા ક્રાંતિકારી બનાવોમાં 'કાંકોરી લૂંટ કેસ', 'લાહોર હત્યાકાંડ' અને દિલ્લીમાં કેન્દ્રીય ધારાસભામાં બૉમ્બ ફેંકવાની ઘટના વગેરે મુખ્ય હતી.

### 3) અસહકારઆંદોલનના કાર્યક્રમો, બનાવ જણાવી તેની અસરો તપાસો.

- અસહકારના અંદોલનના કાર્યક્રમો : મહાત્મા ગાંધીએ પોતાની 'કૈસરે હિંદી'ની પદવીનો અને રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટ હુડ'ના ખિતાબનો ત્યાગ કર્યો. દેશના અન્ય નેતાઓએ પણ પોતાપોતાની પદવીઓનો ત્યાગ કર્યો.
- વિદ્યાર્થીઓએ શાળ-કૉલેજોનો ત્યાગ કર્યો અને શિક્ષકોએ રાજીનામાં આપ્યાં. ઠેર ઠેર વિદેશી કાપડની હોળિઓ પ્રગટાવવામાં આવી. દેશના નામાંકિત વકીલોએ વકીલાત છોડી. નવેમ્બર,1921માં ડ્યુક ઑફ કૈનાટ ભારત આવ્યા ત્યારે તેમનો બહિષ્કાર કરવામાં આવ્યો. ભારતમાં આવેલા પ્રિન્સ ઑફ વેલ્સના સન્માનનો પણ બહિષ્કાર કરવામાં આવ્યો.
- સરકારી શિક્ષણના બહિષ્કારને કારણે વિદ્યારથીઓ શિક્ષણથી વંચીત ન રહે એ માટે રાષ્ટ્રીય શાળા-કૉલેજો શરૂ કરવામાં આવી. કાશી વિદ્યાપીઠ, બિહાર વિદ્યાપીઠ, જામિયા-મિલિયા વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાપીઠ, વગેરે આવી વિદ્યાપીઠો હતી.
- સ્વદેશી પ્રચર થતાં ઈંગ્લેન્ડથી આયાત થતાં કાપડ, પગરખાં, મોજશોખની વસ્તુઓમાં ભારે ઘટાડો થયો. તેનો પડઘો ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં પડ્યો. ઈંગ્લેન્ડને થયેલા ભારે આર્થિક નુકશાનથી સરકાર ચોંકી ઉઠી.
- 'ટિળક સ્વરાજ્ય ફંડ'માં એક કરોડથી વધારે રૂપિયા એકઠા કરવામાં આવ્યાં. હિંદુ-મુસ્લીમ એકતા માટે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા.
- હિંદુ જમીનદારો અને મુસ્લીમ ખેડુતો વચ્ચે થયેલા મોપેલા બળવાને બ્રિટિશ સરકારે સખતાઈથી દબાવી દીધો. આ બળવો ટીકાપાત્ર બન્યો હતો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- અંગ્રેજ સરકારે અસહકારના આંદોલનને નિષ્ફળ બનાવવા દમનનીતિ અપનાવી. બેફામ કાઠીમાર, આડેધડ ગોળીબાર, સામુદાયિક ધરપકડો અને અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો. હિંદુ-મુસ્લિમ એકતાને તોડવાનો નિષ્ફળ પ્રયાસ થયો.
- ચોરીચોરાનો બનાવ અને આંદોલનની મોકુફી :
- 5 ફેબ્રુઆરી, 1922ના રોજ ઉત્તર પ્રદેશનક ગોરખપુર જિલ્લાના ચુરીચોરા ગામે વિદેશી કપડ અને દારૂની દુકાન પર શાંતિથી પિકેટિંગ કરી રહેલા લોકો પર પોલિસે ગોળીબાર કર્યો. રાઈફલોમાંથી ગોળીઓ ખૂટી ગઈ ત્યારે પોલેસ ચોકીમાં ભરાઈ ગયાં. પોલીસોના દમનથી ઉશ્કેરાયેલા લોકો હિંસાને માર્ગે વળ્યાં. તેમણે પોલીસ ચોકીને આગ લગાડી. તેમાં 21 પોલીસો મૃત્યુ પામ્યા. આ હિંસક પ્રસંગથી ગાંધીજીને ખુબ દુઃખ થયું. તેમણે જણાવ્યું કે, 'અહિંસાનું મૂલ્ય નહિ સમજનારા લોકોના હાથમાં સત્યાગ્રહનું શસ્ત્ર મૂકીને ને હિમાલય જેવડી મોટી ભૂલ કરી છે.' ગાંધીજીએ અસહકારનું આંદોલન તત્કાલ પાછું ખેંચી લીધું.
- અસહકારના આંદોલનની અસરો :
- અસહકારના આંદોલનના હકારાત્મક અને નિષેધાત્મક કાર્યક્રમોએ લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગ્રત કર્યાં. દેશમાં અંગ્રેજ સરકાર પ્રત્યે વિરોધિ વાતાવરણ સર્જાયું. લોકોમાં અન્યાય પ્રત્યે સંઘર્ષ કરવાની ભાવના પ્રબળ બની. ભારતના બધા જ વર્ગોમાં રાજકીય જાગૃતિ આવી. સ્વરાજ્ય માટેની તેમની શ્રદ્ધા અડગ બની. લોકોના મનમાંથી લાઠી, દંડ અને જેલનો ભય દૂર થયો. યુવાનો અને બહેનો પણ લડતમાં જોડાયાં. કૉંગ્રેસ લોકસંસ્થા બની. દેશમાં રાષ્ટ્રીય શિક્ષણની શાળાઓ શરૂ થઈ. અંગ્રેજી ભાષાને સ્થાને હિન્દી ભાષાને મહત્વ મળ્યું. જે રાષ્ટ્રીય આંદોલન અત્યાર સુધી શહેરો અને બુદ્ધિજીવીઓ પૂરતું મર્યાદીત હતું તે હવે ગામડે ગામડે અને સામાન્ય નાગરીક સુધી પહોંચ્યું.

## 2. ટુંકનોંધ લખો.

### 1) વિદેશોમાં ક્રંતિકારી ચળવળ

- ભારતમાં શરૂ થયેલી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિદેશમાં ઈંગ્લેન્ડ, કેનેડા, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, મ્યાનમાર, મલાયા, સિંગાપુર, કાબુલ,, રશિયા વગેરે દેશોમાં ફેલાઈ.
- શ્યામજી કૃષ્ણ વર્મા, મદનલાલ, ધીંગારા, વીરસાવરકર, લાલા હરદયાળ, ઉધમ્સિંહ, રાજા મહેંરપ્રતાપ, મૅડમ ભિખાઈજી કામા, રાણા સરદારસિંહ, મૌલાના અબ્દુલા, મૌલાના બશીર, ચંપક રમણ પિલ્લાઈ, ડૉ.મથુરસિંહ, ખુદા બખ્શ વગેરે ક્રાંતિકારીઓ આ પ્રવૃત્તિઓ ચલાવતા હતા.
- અમેરિકામં ક્રાંતિકારી પવૃત્તિઓ ચલાવવા માટે એ.સ. 1907માં કેલિફોર્નિયામાં 'ઈન્ડિયન ઈન્ડિપેન્ડન્સ લીગ' નામની સંસ્થા સ્થાપવામાં આવી, ક્રાંતિકારી લાલા હરદયાળે લીગનું નામ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બદલી 'ગદર પાર્ટી' રાખ્યું અને ચાર ભાષાઓમાં 'ગદ્દર' નામનું સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું. એ ક્રંતિકારી પ્રવૃત્તિઓમાં તારકનાથ દાસ અને કતારસિંહ જોડાયાં.

- જર્મનીમાં ચંપક રમણ પિલ્લઈએ 'હિંદી રાષ્ટ્રીય સ્વયંસેવક દળ'ને રચના કરી. તેણે ઈરાકને વડું મથક બનાવી ત્યાંથી ભારત પર આક્રમણ કરવાની યોજના બનાવી. ઈ.સ 1907માં જર્મનીના સ્ટુઅર્ટ ગાર્ડ શહેરમાં યોજાયેલી 'આંતરરાષ્ટ્રીય સમાજવાદી પરિષદમાં' સર્વપ્રથમ વખત મૅડમ ભિખાઈજી કામાએ બનાવેલો ભારતનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.
- અફઘાનિસ્તાનના કાબુલ શહેરમાં રાજા મહેન્દ્રપ્રતાપના 'પ્રમુખ'પદે કામચલૌ સરકારની રચના કરવામાં આવી. એ સરકારમાં બરકતુલ્લા, આબિદુલ્લા, મૌલાના બશીર, શમશેરસિંહ, વગેરે જોડાયાં એ સરકારે રશિયા, ઈરાન, તુર્કી, વગરે દેશોમાંથી સહાય મેળવવા પ્રયત્નો કર્યા. રાજા ઝારને મોકલાવી હતી. તેમાં તેણે રશિયાને ઈંગ્લૅન્ડ સાથે સબંધો તોડી નાંખવા માટે જણાવ્યું હતું.
- મ્યાનમારમાં સોહનલાલ પાઠકે અને સિંગાપુરમાં પરમાનંદે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ કરી.
- વિદેશોમાં ક્રાંતિકારીઓને અંગ્રેજો વિરૂદ્ધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે કામાગાટામારુ અને તોશામારુ સ્ટીમરોની ઘટનાએ પ્રેરકશક્તિ પૂરી પાડી હતી.

## 2) રૉલેટ ઍક્ટ

- ભારતમાં અંગ્રેજ સરકારે રાષ્ટ્રવાદીઓ અને ક્રાંતિકારીઓ પર દમન ગુજારવાના ઉદ્દેશથી ઈંગ્લૅન્ડના કાયદા પ્રધાન રૉલેટના અધ્યક્ષ પદે ઈ.સ. 1919માં 'રૉલેટ ઍક્ટ' ઘડ્યો. આ ઍક્ટ મુજબ અંગ્રેજ સરકારને શાંતિ અને સલામતિના નામે કોઈ પણ વ્યક્તિની કારણ દર્શાવ્યા વિના ધ્રપકડ કરવાની તેમજ જેલમાં પૂરી રાખવાની સત્તા આપવામાં આવી હતી. તેથી ગાંધીજીને રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.
- રૉલેટ ઍક્ટથી ભારતીયોનું વ્યક્તિસ્વાતંત્ર્ય અને વાણી સ્વાતંત્ર્ય છીનવાઈ ગયું. પંડિત મોતીલાલ નહેરૂના મતે, આ કાયદાથી ભારતીયોનો દલીલ, અપીલ અને વકીલનો અધિકાર પડાવી લેવામાં આવ્યો.
- ગાંધીજીએ રૉલેટ ઍક્ટ વિરોધ કરવા દેશવ્યાપી હડતાલ પાડવાનું એલાન કર્યું. અંગ્રેજ સરકારે ગાંધીજીની દિલ્લીમાં ધરપકડ કરી. ગાંધીજીના એલાન મુજબ દેશભરમાં હડતાલ પાડવામાં આવી અને ઠેર ઠેર સભા-સરઘસો, દેખાવો યોજાયા. નેતાઓ અને પ્રજાએ એક બની આ કાયદાનો સખત વિરોધ કર્યો.
- 6 એપ્રિલ. 1919ના દિવસે પંજાબના અમૃતસર શહેરના લોકપ્રિય નેતાઓ ડૉ.સત્યપાલ અને ડૉ.સેફુદ્દીન કિચલુની અંગ્રેજ સરકારે ધરપકડ કરી. તેના વિરોધમાં લોકોએ અમૃતસમાં સરઘસો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

કાઢ્યાં. એ વિરોધને દબાવી દેવા અંગ્રેજ સરકારે લોકો પર દમન ગુજાર્યો. રૉલેટ ઍક્ટનો દેશભરમાં લોકોએ દર્શાવેલા વિરોધને કારણે લોકોમાં એકતા અનેજાગૃતિ પેદા થયાં.

### 3) જલિયાવાલા બાગનો હત્યાકાંડ

- બ્રિટિશ સરકારના દમનનો તેમજ લોકપ્રિય નેતાઓ ડૉ.સત્યપાલ અને ડૉ. કિચિલિની ધરપકડનો વિરોધ કરવા 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસરના જલ્યાવાલા બાગમાં એક જંગી સભા યોજાઈ.
- બાગને ફરતે દોઢેક મીટર જેટલી ઊંચી દીવાલ હતી. બાગમાં જવા આવવા મટે ફક્ત એક જ સાંકડો રસ્તો હતો. સભા ચાલતી હતી ત્યારે અમૃતસરનો પીલીસ વડો જનરલ ડાયર લશ્કરી ટુકડી સાથે ત્યાં આવી પહોંચ્યો. તેણે લોકોને વિખેરાઈ જવાની ચેતવણી આપ્યા વિના ઓચિંતા જ ગોળી બાર કરવા સૈનિકોને હુકમ આપ્યો.
- લશ્કરે માત્ર દસ મિનિટમાં 1500 જેટલા ગોળીબારના રાઊન્ડ છોડતાં આશરે 379 લોકો મૃત્યુ પામ્યા અને લગભગ 1200 લોકો ઘવાયા. કૉંગ્રેસે નીમેલી તપાસ સમિતિના મતે લગભગ 1000 લોકો મૃત્યુ પામ્યા હતા.
- આ હત્યાકાંડે આખા દેશમાં હાહાકાર મચી ગયો. ગાંધિજીની અંગ્રેજો પ્રત્યેની રહીસહી શ્રદ્ધા પણ ડગી ગઈ.
- આ હત્યાકાંડે આખા દેશમાં રાષ્ટ્રીય એકતા સ્થાપવામાં ખુબ મહત્વનો ભાગ ભજવ્યો. આ હત્યાકાંડે અસહકારના ભાવિ આંદોલનોની ભુમિકા પૂરી પાડી.

### 4) સ્વરાજ પક્ષ

- અસહકાર આંદોલનને કારણે લોકોઅમાં આવેલી રાજકીય જાગૃતિને ટકાવી રાખવાના હેતુથી ચિત્તરંજનદાસ મુનશી અને મોતિલાલ નહેરુએ ઈ.સ. 1923માં સ્વરજ પક્ષની સ્થાપના કરી.
- સ્વરાજ પક્ષનો હેતુ ધારાસભાઓમાં પ્રવેશી અંગ્રેજ સરકારની અયોગ્ય નીતિઓનો વિરોધ કરવાનો હતો.
- સ્વરાજ પક્ષના સ્થાપકોએ ગાંધીજીના અસ્પૃષ્યતાનિવારણ, હિંદુ-મુસ્લિમ એકતા, રેંટિયાનો પ્રચાર, નશાબંધી વગેરે રચનાત્મક કાર્યક્રમો અમલમાં મૂક્યા.
- સ્વરાજ પક્ષે નવેમ્બર, 1923ની ધારાસભાઓની ચૂંટણીમાં ભાગ લીધો અને કેન્દ્રીય તથા પ્રાંતીય ધારાસભામાં બહુમતી મેળવી.
- કેન્દ્રીય ધારાસભામાં સ્વરાજ્ય પક્ષના નેતા તરીકે મોતિલાલ નેહરુની અને બંગાળ પ્રાંતમાં નેતા તરીકે ચિત્તરંજનદાસની વરણી થઈ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ પક્ષે ધારાસભાઓમાં સરકારી અંદાજપત્રો અને ખરડાઓને નામંજૂર કરી, સરકારની નીતિઓનો વિરોધ કર્યો. તેણે સરકારને પ્રજાના પ્રશ્નો તરફ ધ્યાન આપવાની ફરજ પાડી.
- સ્વરાજ પક્ષની કામગીરીને કારણે જ સરકારને 'સાયમન કમિશન' બે વર્ષ વહેલું નીમવાની ફરજ પડી.
- સ્વરાજ પકક્ષે શારાસભામાં ઊંચી સંસદીય પ્રણલી સ્થાપી. ભારતના લોકોમાં લોકશાહી પદ્ધતિને અને બંધારણીય રીતે શાસન ચલાવવાની ક્ષમતા છે એમ આ પક્ષે બ્રિટિશ સરકારને પ્રતીતિ કરાવી.
- સ્વરાજ પક્ષની સારી કામગીરીને લીધે હિંદનો શિક્ષિત વર્ગ તેની તરફ આકર્ષાયા. અને દેશમાં રાષ્ટ્રીય જાગૃતિ આવી.
- આમ, સ્વરાજ્ય પક્ષે બે વર્ષ દરમિયાન નોંધપાત્ર કામગીરી બજાવી. જૂન, 1925માં ચિત્તરંજનદાસનું અવસાન થતાં સ્વરાજ્ય પક્ષની કામગીરી નબળી પડી.

### 3. નીચેના પ્રશ્નોના જવાબ લખો :

#### 1) બંગાળના ભાગલા ક્યારે અને કોણે પાડ્યાં ? શા માટે ?

- વિશાળ બંગાળ પ્રાંતમાં વહીવટી કાર્યક્ષમતા લાવવાના બહાના હેઠલ ઈ.સ. 1905માં તે સમયના વાઈસરૉય બંગાળના પૂર્વ બંગાળ અને પશ્ચિમ બંગાળ એમ બે ભાગલા પાડ્યાં. આ ની પાછાળ કર્ઝનનો ઈરાદો સમગ્ર ભારતમાં સૌથી વધારે જાગ્રત બંગાળી પ્રજાની –હીંદુ અને મુસ્લિમ પ્રજાની- કોમી એકતા તોડવાનો હતો.

#### 2) ગુજરાતમાં થયેલી ઉગ્ર ક્રાંતિકારી ચળવળો વિશે જણાવો.

- શ્રી અરવિંદ ઘોષે ગુજરાતમાં સશત્ર ક્રાંતિને ભુમિકા તૈયાર કરી હતી. તેમણે 'ભવાની મંદિર' નામના પુસ્તકમાં ક્રાંતિની યોજના વર્ણવી હતી.
- ઈ.સ. 1902માં બારીન્દ્રકુમાર ઘોષ ગુજરત આવ્યા. તેમણે દક્ષિણ ગુજરાતમાં ક્રાંતિનો પ્રચાર કર્યો. અહીં તેમને શ્રી છોટુભાઈ પુરાણી અને શ્રી અંબુભાઈ પુરાણીનો સાથ મળ્યો. નર્મદા નદીના કિનારે તેમને સાકરિયા સ્વામી મળ્યા.
- શ્રી બારીન્દ્ર કુમાર ઘોષે વડોદરા, ચરોતર પ્રદેશ, અમદાવાઅ, મહેસાણા વગેરે સ્થળોએ ફરીને મધ્યમ વર્ગના યુવાનોને ક્રાંતિમાં જોડ્યા.
- ગુજરાતમાં ઉગ્ર ક્રાંતિની યોજનાઓ ફેલાવવા માટે 'દેશી વનસ્પતિની દવાઓ', 'નાહવાનો સાબુ બનાવવાની રેત', 'કસરત' 'ગુલાબનો કિસ્સો' 'કાયદા સંગ્રહ' વગેરે શીર્ષકવાળી પુસ્તિકાઓ પ્રકાશિત કરવામાં આવી. આ પુસ્તિકાઓમાં બૉમ્બ બનાવવાની રીત હતી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નર્મદા નદીના કિનારે ચાંદોદ-કરનાવલી પાસે 'ગંગનાથ વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી. એ વિદ્યાલયમાં છૂપી રીતે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચાલતી હતી.
- ગુજરાતના અનેક યુવાનો ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયાં.

### 3) રૉલેટ ઍક્ટને ગાંધીજીએ 'કાળો કાયદો' શા માટે કહ્યો ?

- રૉલેટ ઍક્ટ મુજબ કોઈ પણ શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી શકાતી તેમજ તેના પર મુકદમો ચલાવ્યા વિના દિવસો સુધી તેને જેલમાં પૂરી શકાતી. આથી ગાંધીજીએ રૉલેટ ઍક્ટને 'કાળો કાયદો' કહ્યો.

### 4) અસહકારનું આંદોલન શા માટે મોકુફ રાખવામાં આવ્યું ?

- ગાંધીજી બ્રિટિશ સરકાર સામે અહિંસક આંદોલન ચલાવવાના આગ્રહી હતા.
- 5 ફેબ્રુઆરી, 1922 ના રોજ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચોરીચોરા ગામમાં લોકો હિંસાને માર્ગે વળ્યા.
- તેમણે પોલીસ ચોકીમાં ભરાયાયેલા 21 પોલીસોને જીવતા સળગાવી દીધા.
- આંદોલનમાં હિંસા થતાં ગાંધીજીને ખુબ દુ:ખ થયું. અહિંસક લડત માટે લોકો હજું તૈયાર નથી એમ તેમને લાગ્યું આથી તેમણે અસહકારનું આંદોલન મોકુફ રાખ્યું.

### 5) 'સ્વરાજ પક્ષ'ની પ્રતિષ્ઠા કયા કારણોથી ઓછી થઈ હતી ?

- 'સ્વરાજ્ય પક્ષ'ના એક સ્થાપક ચિત્તરંજનદાસ મુનશીનું જૂન, 1925માં અવસાન થયું.
- 'સ્વરાજ્ય પક્ષ'ના કેટલાક સભ્યોએ અંગ્રેજ સરકારને સહકાર આપવાની નીતિ અપનાવી.
- પક્ષના કેટલાક સભ્યોએ 'નેશનલ પાર્ટી' નામનો નવો પક્ષ સ્થાપ્યો.

## 4. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

### 1) બંગાળના ભાગલાના અમલનો દિવસ કયા દિન તરીકે મનાવવામાં આવ્યો ?

(A) રાષ્ટ્રીય શોકદિન

(B) બંગભંગદિન

(C) સ્વાતંત્ર્યદિન

(D) ત્રણમાંથી એક પણ નહિ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

2) કયા સુધારાએ મુસ્લિમોને કોમી મતદાર મંડળો આપ્યાં ?

(A) મૉન્ટ-ફર્ડ

(B) ઈલ્બર્ટ બિલ

(C) ઑગસ્ટ ઑફર

(D) મોર્લો-મિન્ટો

3) ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની સૌ પ્રથમ ભુમિકા કોણે તૈયાર કરી હતી ?

(A) બરીન્દ્રનાથ ઘોષ

(B) છોટુભાઈ પુરાણી

(C) અંબુભાઈ પુરાણી

(D) અરવિંદ ઘોષ

4) પરદેશની ભૂમિ પર હિંદનો સૂચિત રાષ્ટ્રધ્વજ સૌપ્રથમ કોણે ફરકાવ્યો ?

(A)શ્યામજીકૃષ્ણ વર્મા

(B)રાણા સરદારસિંહ

(C)મેડમ ભિખાઈજી કામા

(D)મદનલાલ ધીંગરા

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in